Extra No. 64

REGISTERED NO.L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

**Vol. LIII] WEDNESDAY, MAY 9, 2012/VAISAKHA 19, 1934**

**Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.**

**PART IV-A**

**Rule and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts/**

**EDUCATION DEPARTMENT**

**Notification**

Sachivalaya, Gandhinagar, 9th May, 2012.

**CONSTITUTION OF INDIA.**

No. KH/SH/33/CRR-1109-291-L:- In exercise of the powers conferred article 309 of the Constitution of India and in supersession of all the rules made in this behalf, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Director of Education, Class I, in the Gujarat Education Services (Administrative Branch), namely :-

1. These rules may be called the Director in the Gujarat Education Service, Class I, (Administrative Branch) Recruitment Rules, 2012.

2. In these rules, unless the context otherwise requires,

    (i) "Director" means the posts specified in Annexure I ;

    (ii) "Joint Director" means the posts specified in Annexure II, Annexed to these rules.

3. Appointment to the post of Director in the Gujarat Education Service, Class I, (Administrative Branch) shall be made either, -

    (a) by promotion on the basis of the principle of selectivity within the zone of consideration irrespective of seniority in accordance with the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 from amongst the persons who have,-

    (i) worked for not less than 5 years in the cadre of Joint Director, in the Gujarat Education Service, Class I; and

    (ii) passed the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006;

Provided that where appointing authority is satisfied that a person having the experience specified in sub-clause (i) is not available for promotion and that it is necessary in the public interest to fill up the post by promotion even of a person having experience for a lesser period; it may, for reasons to be recorded in writing, promote such person who possesses experience of a period of not less than two-thirds of the period specified in sub clause (i) above; or

    (b) by direct selection.

4. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 3, a candidate shall,-

(1) not be more than 40 years of age:

Provided that the upper age limit may be relaxed in favour of a candidate who is already in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Reeruitment (General) Rules, 1967;

(2) possess,-

(A) (i) a Ph.D. degree obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognised as such by the Government or declared as deemed to be University under section 3 of the University Grants Commission Act, 1956 (3 of 1956); or posses an equivalent qualification recognized by the Government; and

(ii) a Bachelor degree in education obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognized as such by the Government or declared as deemed to be university under section 3 of the University Grants Commission Act, 1956; and

(a) have about seven years experience of the post not below the rank of Deputy Director in the Gujarat Education Service, Class I, (Administrative Branch); or

(b) have about seven years combined or separate experience in teaching and/or administration in the field of education out of which about four years administrative experience in the Government or Local Bodies or University or Private or Public Sector Self-Financed Organization or Institution on the post which is equivalent to the post not below the rank of Deputy Director in the Gujarat Education Service, Class I (Administrative Branch), or

(B) (i) a post-graduate degree with first elass obtained from any of the Universities established or incorporated by or under the Central or State Government Act in India; or any other educational institution recognized as such by the Government or declared as deemed to be University under section 3 of the University Grants Commission Act, 1956; and

(ii) a Bachelor degree in education obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognised as such by the Government or declared as deemed to be University under section 3 of the University Grants Commission Act, 1956; and

(a) have about nine years experience of the post not below the post of Deputy Director in the Gujarat Education Service. Class I, (Administrative Branch), or

(b) have about nine years combined or separate experience in teaching and/or administration in the field of education out of which about five years administrative experience in Government or Local Bodies or Private/Public Sector Self-Financed Organization or Institution on the post which is not below the rank of Deputy director, in the Gujarat Education Service, Class I, (Administrative Branch) recognised as such by the Government,

(3) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Service Classification and Recruitment (General) Rules, 1967, and

(4) have adequate knowledge of Gujarati or Hindi or both.

5. The candidate appointed by direct selection shall be on probation for a period of two years.

6 The candidate appointed by direct selection shall during his probation period be required to undergo pre-service training and to pass the post training examination in accordance with the provisions of the Gazetted Officers' Pre-service Training and Examination Rules, 1970.

7. The candidate appointed by direct selection shall during his probation period be required to pass the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training Examination Rules, 2006.

8. The candidate appointed by direct selection shall be required to pass an examination in Hindi or Gujarati or both in accordance with the rules prescribed by the Government.

9. The candidate appointed by direct selection or by promotion shall have to under go such training and to pass such examination as may be prescribed by the Government.

10. The candidate appointed by direct selection shall be required to furnish a security and surety bond in such form, for such amount and for such period as may be prescribed by the Government.

**ANNEXURE I**

(See rule 2(i))

| Sr. No. | Name of the Post | Office |
|---|---|---|
| 1 | Director of Primary Education. | Office of the Director of Primary Education, Gandhinagar. |
| 2 | Director of Literacy and Continuing Education.- | Office of the Director Literacy and Continuing Education, Gandhinagar. |
| 3 | Director of Examination. | The Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar. |
| 4 | Director of Gujarat Council of Educational Research and Training. | The Gujarat Council for Educational Research and Training, Gandhinagar. |

**ANNEXURE II**

(See rule 2(ii))

| Sr. No. | Name of the Post | Office |
|---|---|---|
| 1 | Joint Director (Secondary Education). | Commissioner, Mid-Day-Meal and Schools, Gandhinagar. |
| 2 | Joint Director (10+2). | Commissioner, Mid-Day-Meal and Schools, Gandhinagar. |
| 3 | Joint Director (College). | Commissioner, Higher Education, Gandhinagar. |
| 4 | Joint Director (Establishment). | Commissioner, Higher Education, Gandhinagar. |
| 5 | Additional State Project Officer. | The Gujarat Council of Primary Education, District Primary Education Programme, Sarva Shiksha Abhiyan, Gandhinagar. |
| 6 | Director. | Gujarat Text Book Board Gandhinagar. |
| 7 | Vice-Chairman. | The Gujarat Secondary and Higher Secondary Education Board, Gandhinagar. |
| 8 | Officer on Special Duty. | The Gujarat Secondary Education Board, Vadodara. |
| 9 | Chairman. | Gujarat State Examination Board, Gandhinagar. |
| 10 | Additional Director. | The Gujarat Council for Educational Research and Training, Gandhinagar. |

By order and in the name of the Governor of Gujarat,

**ANANT PATEL**

Deputy Secretary to Government.

---

Government Central Press, Gandhinagar.

Extra No. 174-A

REGISTERED NO. L2/RNP/G/GNR/84
વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૦૦૦/-.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## PUBLISHED BY AUTHORITY

Vol. LIII] WEDNESDAY, NOVEMBER 21, 2012/KARTIKA 30, 1934

**Separate paging is given to this part in order that it may be filed as a Separate Compilation.**

**PART IV-A**

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Central Acts.**

**EDUCATION DEPARTMENT**

**Notification**

Sachivalaya, Gandhinagar, 21st November, 2012.

**CONSTITUTION OF INDIA.**

NO. KH/SH/33/CRR-1109-291-L:- In exercise of the powers conferred by the proviso to the article 309 of the Constitution of India, the Governor of Gujarat hereby makes the following rules further to amend the Director in the Gujarat Education Service, Class-I.(Administrative Branch), Recruitment Rules, 2012, namely:-

1. These rules may be called the Director in the Gujarat Education Service, class-I, (Administrative Branch) Recruitment (Amendment) Rules, 2012.

2. In the Director in the, Gujarat Education Service Class-I, (Administrative Branch) Recruitment Rules, 2012, in rule 4, in sub-rule (2),-

   (i) in clause (A), in sub-clause (ii), in para (b), for the words, "which is equivalent to the post", the words "which can be considered equivalent to the post" shall be substituted;

   (ii) in clause (B), in sub-clause(ii), in para (b), for the words "which is not below the rank", the words "which can be considered equivalent to the post" shall be substituted.

By order and in the name of the Governor of Gujarat.

**KIRTIDA BRAHMBHATT,**
Joint Secretary to Government.

---------------

જાહેરનામું.

શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૯મી મે, ૨૦૧૨.

<u>ભારતનું સંવિધાન.</u> <u>ક્રમાંક: કેએચ/એસએચ/૩૩/સીઆરઆર-૧૧૦૯/૨૯૧/લ:-</u> ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત શિક્ષણ સેવા(વહીવટી શાખા)માં, શિક્ષણ નિયામક, વર્ગ ૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત શિક્ષણ સેવામાં નિયામક, વર્ગ ૧, (વહીવટી શાખા),ભરતી નિયમો, ૨૦૧૨ કહેવાશે.

૨. આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(૧) "નિયામક" એટલે એનેક્ષર ૧માં નિર્દિષ્ટ કરેલી જગાઓ;

(૨) "સંયુક્ત નિયામક" એટલે આ નિયમો સાથે જોડેલા એનેક્ષર ૨માં નિર્દિષ્ટ કરેલી જગાઓ.

3. ગુજરાત શિક્ષણ સેવામાં નિયામક, વર્ગ ૧, (વહીવટી શાખા)ની જગા ઉપરની નિમણૂક,-

(ક)(૧) ગુજરાત શિક્ષણ સેવામાં, સંયુક્ત નિયામક, વર્ગ ૧ના સંવર્ગમાં ઓછામા ઓછા પાંચ વર્ષ કામ કરેલું હોય ; અને

(૨)ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા ઉત્તીર્ણ કરેલી હોય;

- તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અનુસાર, સિનિયોરીટી(પ્રવરતા)ને લક્ષમાં લીધા સિવાય, પસંદગીના સિદ્ધાંતને આધારે વિચારણા ક્ષેત્રની અંદરની વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૪. નિયમ-૩માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(૧) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે,

(૨) (ક) (૧)ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬(સન ૧૯૫૬ના ૩જા)ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી પીએચ.ડી(Ph.D.)ની પદવી

ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અને

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી શિક્ષણમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અને

(ક) ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ ૧, (વહીવટી શાખા)માં, નાયબ નિયામકના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે સાત વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(ખ) શિક્ષણના ક્ષેત્રમાંનો અધ્યાપન અને/અથવા વહીવટનો આશરે સાત વર્ષનો સંયુક્ત અથવા પૃથક અનુભવ ધરાવતો હોવો જોઇશે, જે પૈકી સરકાર અથવા સ્થાનિક મંડળો અથવા યુનિવર્સિટી અથવા ખાનગી અથવા જાહેર ક્ષેત્રના સ્વ-નિર્ભર સંગઠન અથવા સંસ્થામાંનો, ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ ૧, (વહીવટી શાખા)માં, નાયબ નિયામકના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ *[ગણી શકાય તેવી] જગા ઉપરનો આશરે ચાર વર્ષનો વહીવટી અનુભવ ધરાવતો હોવો જોઇશે, અથવા

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬(સન ૧૯૫૬ના ૩જા)ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી પ્રથમ વર્ગ સાથે મેળવેલી અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અને

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી સરકારે તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી શિક્ષણમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અને

(ક) ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ ૧, (વહીવટી શાખા)માં, નાયબ નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો લગભગ નવ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(ખ) શિક્ષણના ક્ષેત્રમાંનો અધ્યાપન અને/અથવા વહીવટનો આશરે નવ વર્ષનો સંયુક્ત અથવા પૃથક અનુભવ ધરાવતો હોવો જોઇશે, જે પૈકી સરકાર અથવા સ્થાનિક મંડળો અથવા ખાનગી / જાહેર ક્ષેત્રના સ્વ-નિર્ભર સંગઠન અથવા સંસ્થામાંનો, ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ ૧, (વહીવટી શાખા)માં, *૧ [નાયબ નિયામકની જગાને સમકક્ષ ગણી શકાય] તેવી જગા ઉપરનો આશરે પાંચ વર્ષનો વહીવટી અનુભવ ધરાવતો હોવો જોઇશે,

(3) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે, અને

(૪) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેના અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવી જોઇશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી જોઈશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવી જોઈશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી જોઈશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઈશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવા જોઇશે.

## એનેક્ષર ૧

### (જુઓ નિયમ ૨(૧))

| અનુક્રમાંક | જગાનું નામ | કચેરી |
|---|---|---|
| ૧ | પ્રાથમિક શિક્ષણ નિયામક | પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર. |
| ૨ | સાક્ષરતા અને નિરંતર શિક્ષણના નિયામક | સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર. |
| ૩ | પરીક્ષા નિયામક | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. |
| ૪ | ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના નિયામક. | ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર. |

## એનેક્ષર ૨

### (જુઓ નિયમ ૨(૨))

| અનુક્રમાંક | જગાનું નામ | કચેરી |
|---|---|---|
| ૧ | સંયુક્ત નિયામક(માધ્યમિક શિક્ષણ). | કમિશનર, મધ્યાહ્ન ભોજન અને શાળા, ગાંધીનગર. |
| ૨ | સંયુક્ત નિયામક(૧૦+૨). | કમિશનર, મધ્યાહ્ન ભોજન અને શાળા, ગાંધીનગર. |
| ૩ | સંયુક્ત નિયામક(કોલેજ). | કમિશનર, ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર. |
| ૪ | સંયુક્ત નિયામક(મહેકમ). | કમિશનર, ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર. |
| ૫ | એડિશનલ સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસર (અધિક રાજ્ય પરિયોજના અધિકારી) | ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર. |
| ૬ | નિયામક | ગુજરાત પાઠ્ય પુસ્તક બોર્ડ, ગાંધીનગર. |

| | | |
|---|---|---|
| ૭ | ઉપાધ્યક્ષ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. |
| ૮ | ખાસ ફરજ પરના અધિકારી | ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, વડોદરા. |
| ૯ | અધ્યક્ષ | ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર. |
| ૧૦ | અધિક નિયામક | ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર. |

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

અનંત પટેલ,

સરકારના નાયબ સચિવ.

નોંધઃ- શિક્ષણ વિભાગના તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક: કેએચ/એસએચ/૩૩/સીઆરઆર-૧૧૦૯/૨૯૧/લ. થી બહાર પાડેલ, ગુજરાત શિક્ષણ સેવામાં નિયામક, વર્ગ ૧, (વહીવટી શાખા)ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૨ થી-

* (૧) " જગાને સમકક્ષ " એ શબ્દો પછી, " ગણી શકાય તેવી " એ શબ્દો ઉમેર્યા છે.

*૧ (૨) " નાયબ નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય " એ શબ્દોને બદલે, " નાયબ નિયામકની જગાને સમકક્ષ ગણી શકાય " એ શબ્દો મૂકયા છે.

જાહેરનામું.

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૧મી નવેમ્બર, ૨૦૧૨.

ભારતનું સંવિધાન.

**ક્રમાંક: કેએચ/એસએચ/33/સીઆરઆર-૧૧૦૯-૨૯૧-લ:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત શિક્ષણ સેવામાં નિયામક, વર્ગ-૧ (વહીવટી શાખા), ભરતી નિયમો, ૨૦૧૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત શિક્ષણ સેવામાં નિયામક, વર્ગ-૧, (વહીવટી શાખા), ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૨ કહેવાશે.

૨. ગુજરાત શિક્ષણ સેવામાં નિયામક, વર્ગ-૧, (વહીવટી શાખા), ભરતી નિયમો, ૨૦૧૨માં, નિયમ ૪માં, પેટા-નિયમ (૨)માં,-

(૧) ખંડ (ક)માં, પેટા-ખંડ (૨)માં, પરિચ્છેદ (ખ)માં, " જગાને સમકક્ષ " એ શબ્દો પછી, " ગણી શકાય તેવી " એ શબ્દો ઉમેરવા;

(૨) ખંડ (ખ)માં, પેટા-ખંડ (૨)માં, પરિચ્છેદ (ખ)માં, " નાયબ નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય " એ શબ્દોને બદલે, " નાયબ નિયામકની જગાને સમકક્ષ ગણી શકાય " એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

કીર્તિદા બ્રહ્મભટ્ટ,

સરકારના સંયુક્ત સચિવ.